પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૮) અંક નં. ૭૧ | ૨૧ મે, ૨૦૨૩, રવિવાર; જેઠ સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# રશિયા-યુક્રેન રાજકીય નહીં, માનવતાનો મુદ્દો : મોદી

## હિરોશિમામાં જી-૭ શિખર સંમેલનમાં મોદી યુક્રેનના રાષ્ટ્રપતિને મળ્યા : રશિયાના યુક્રેન પર આક્રમણ બાદ બંને નેતાઓ વચ્ચેની આ પ્રથમ રૂબરૂ મુલાકાત : યુદ્ધ ખતમ કરવા ભારત તમામ શક્ય મદદ કરવા તૈયાર : મોદી



હિરોશિમા, તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે જાપાનના હિરોશિમામાં જી-૭ શિખર સંમેલન દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સકી સાથે મુલાકાત કરી. આ દરમિયાન બંને વચ્ચે વાતચીત પણ થઈ હતી.રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યા પછી બંને નેતાઓ વચ્ચેની આ પ્રથમ રૂબરૂ મુલાકાત હતી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જાપાનના હિરોશિમામાં જી૭ સમિટ દરમિયાન યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી સાથે મુલાકાત કરી હતી. ગયા વર્ષે ૨૪ ફેબ્રુઆરીએ રશિયાએ યુક્રેન પર આક્રમણ કર્યા બાદ બંને નેતાઓ વચ્ચે આ પહેલી વ્યક્તિગત મુલાકાત હતી.

યુક્રેનમાં ચાલી રહેલું યુદ્ધ સમગ્ર વિશ્વ માટે એક મોટો મુદ્દો છે. સમગ્ર વિશ્વ પર તેની ઘણી અસરો પણ થઈ છે. હું તેને રાજકીય મુદ્દો નથી માનતો, મારા માટે તે માનવતાનો મુદ્દો છે... ભારત અને હું વ્યક્તિગત રીતે તેના ઉકેલ માટે અમે જે કંઈ કરી શકીએ તે કરીશું.

આ બેઠક ત્યારે થઈ જ્યારે યુક્રેનના નેતા રૂબરૂ સમિટમાં ભાગ લેવા જાપાનમાં છે. અગાઉ તેઓ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા સભાને સંબોધવાના હતા.જાપાનના વિદેશ મંત્રાલય દ્વારા એક નિવેદન જાહેર કરવામાં આવ્યું હતુ જેમ કહેવામાં આવ્યું હતું કે, જેલેંસ્કી ઓનલાઈન માધ્યમથી વિઆ સંમ્મેલનમાં ભાગ લેશે, પરંતુ તેઓએ વ્યક્તિગત રૂપે આ સંમ્મેલનમાં ભાગ લેવા માંગતા હતા, ત્યારબાદ આ યોજના બદલવામાં આવી હતી.

યુક્રેનના રાષ્ટ્રપતિ જાપાનના આમંત્રણ પર સમિટમાં ભાગ લઈ રહ્યા છે. પૂર્વી યુરોપીય દેશમાં સંઘર્ષ

● અનુસંધાન પાન-૭ પર

## મોદી ગ્લોબલ લિડર એપ્રૂવલ રેટિંગમાં ટોચના સ્થાન પર

### ૧૦ થી ૧૬ મે દરમિયાન વિશ્વનાના ૨૨ દેશોમાં કરાવાયેલા વોટિંગ પર આધારિત રેટિંગ

નવી દિલ્હી, તા.૨૦

ગ્લોબલ લીડર એપ્રૂવલ રેટિંગમાં ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફરી નંબર વન પર છે. તેમણે ૭૮ ટકા એપ્રૂવલ રેટિંગ મેળવીને ટોપનુ સ્થાન હાંસલ કર્યુ છે. આ રેટિંગના ભાગરૂપે ભારત, અમેરિકા સહિત દુનિયાના શક્તિશાળી ગણાતા ૨૨ દેશોના નેતાઓના એપ્રૂવલ રેટિંગના આંકડા બહાર પાડવામાં આવ્યા છે. આજે જે રેટિંગ બહાર પાડવામાં આવ્યુ છે તે ૧૦ થી ૧૬ મે દરમિયાન દુનિયાભરના ૨૨ દેશોમાં કરાવાયેલા વોટિંગ પર આધારિત છે. દરેક દેશમાં મતદાતોની સંખ્યા તે દેશની લાક્ષણિતકાતઓ પર આધાર રાખે છે. મોર્નિંગ કનસલ્ટ નામની આ સંસ્થા નિયમિત રીતે રેટિંગ જાહેર કરે છે. પીએમ મોદીનુ એપ્રૂવલ રેટિંગ ૭૮ ટકા છે. તો જો બાઈડનનુ ૪૨ ટકા છે. તેઓ આ લિસ્ટમાં પાંચમા નંબરે છે. જ્યારે સ્વિત્ઝરલેન્ડના રાષ્ટ્રપતિ એલેન બર્સેટ તેમજ મેક્સિકોના રાષ્ટ્રપતિ એન્ડ્રેસ મેન્યુઅલ લોપેઝ ૬૨ ટકા રેટિંગ સાથે સંયુક્ત રીતે બીજા ક્રમે છે. ઓસ્ટ્રેલિયાના પીએમ એન્થની અલ્બેનિઝ ૫૩ ટકા સાથે ત્રીજા, ઈટાલીના પીએમ જ્યોર્જિયા મેલોની ૪૯ ટકા રેટિંગ સાથે ચોથા, બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ડા સિલ્વા ૪૯ ટકા રેટિંગ સાથે ચોથા ક્રમે છે. કેનેડાના પીએમ જસ્ટિન ટ્રુડો ૩૯ ટકા રેટિંગ સાથે છઠ્ઠા ક્રમે તથા સ્પેનના રાષ્ટ્રપતિ પેડ્રો સાન્ચેઝ ૩૯ ટકા



● અનુસંધાન પાન-૭ પર

# કર્ણાટકમાં સિદ્ધારમૈયાની તાજપોશી

## નાયબ મુખ્યપ્રધાન પદે ડી.કે. શિવકુમારે શપથ લીધા : મલ્લિકાઅર્જુન ખડગે, પ્રિયંકા ગાંધી, રાહુલ ગાંધી હાજર

બેંગલુરૂ, તા.૨૦

સિદ્ધારમૈયાએ કર્ણાટકમાં વિધાનસભા ચૂંટણીમાં વિજય મેળવ્યાના બરાબર એક સપ્તાહ બાદ શનિવારે અહીં બીજી વખત રાજ્યના મુખ્યમંત્રી તરીકે શપથ લીધા હતા. ડી.કે. શિવકુમારે નાયબ મુખ્યમંત્રી તરીકે અને કેટલાક અન્ય ધારાસભ્યોને મંત્રી તરીકે શપથ લીધા. સિદ્ધારમૈયા શપથ લેવા માટે મંચ પર પડેલી ખુરશી પરથી ઉભા થયા. જ્યારે તેઓ શપથ લેવા પહોંચ્યા તો આ દરમિયાન તેઓ માઈક તરફ જવા લાગ્યા. રાજ્યપાલ થાવરચંદ ગેહલોતે તેમને રોક્યા અને હસીને કાગળ સોંપ્યો. કદાચ તેમણે સિદ્ધારમૈયાને કહ્યું હતું કે ઓછામાં ઓછું આ કાગળ લઈ જાઓ. સિદ્ધારમૈયા પણ હસ્યા અને પછી સિદ્ધારમૈયાએ સીએમ તરીકે શપથ લીધા. જે બાદ સ્ટેજ પર હાજર લોકોને મળ્યા. રાજ્યપાલે સિદ્ધારમૈયાને પુષ્પ આપીને અભિનંદન પાઠવ્યા હતા.

સિદ્ધારમૈયા બાદ ડીકે શિવકુમારે શપથ લીધા. તેમણે મંચ પર હાજર લોકો સાથે હાથ મિલાવ્યા અને શપથ લેવા માટે આગળ વધ્યા. તેમણે કર્ણાટકના નાયબ મુખ્યમંત્રી તરીકે શપથ લીધા. ડીકે શિવકુમાર પછી ત્રીજા નંબરે જી પરમેશ્વરે શપથ લીધા.

ચોથા નંબર પર કેએચ મુનિયપ્પાએ શપથ લીધા હતા. મુનિયપ્પા દેવનહલ્લીની કોલાર સીટથી સાતમી વખત ધારાસભ્ય બન્યા છે. તેઓ ૩૦ વર્ષથી સાંસદ છે. તેઓ કેન્દ્ર સરકારમાં મંત્રી પણ રહી ચૂક્યા છે. તેઓ ૨૦૦૯માં રેલ્વે રાજ્યમંત્રી પણ હતા. તેમને તેમના કદ પ્રમાણે ચોથા નંબર પર શપથ લેવા મોકલવામાં આવ્યા હતા. શપથગ્રહણ બાદ સાંજે

● અનુસંધાન પાન-૭ પર




# પંજાબના બે યુવકને ઈન્ડોનેશિયામાં ફાંસી : મદદ માટે ભારતને અપીલ

## પોલીસ દ્વારા યુવકોને ભારતીય એજન્ટના મર્ડરના આરોપમાં એરપોર્ટ પરથી પકડી લેવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૨૦

ભારતના પંજાબ રાજ્યના બે યુવકોને ઈન્ડોનેશિયામાં ફાંસીની સજા ફટકારવામાં આવી છે. એ પછી પરિવારે ભારત સરકારને મદદ કરવા માટે અપીલ કરી છે.

પંજાબમાં વિદેશમાં સ્થાયી કરવાના કે ભણવાના નામે મોકલવાનો દાવો કરતા ઘણા એજન્ટો બોગસ હોય છે અને તેમના કારણે ઘણા લોકો વિદેશમાં ફસાઈ જાય છે. અમૃતસર નજીકના ગામના બે યુવકોને એક એજન્ટે ૩૫-૩૫ લાખ રૂપિયામાં પહેલા ઈન્ડોનેશિયા અને બાદમાં અમેરિકા મોકલી સેટલ કરાવી આપવાનો વાયદો કર્યો હતો.

આ બંને યુવકો ઈન્ડોનેશિયા ગયા ત્યારે તેમને ભારતીય એજન્ટે બંધક બનાવીને પૈસાની માંગણી કરવા માંડી હતી. ઈન્ડોનેશિયાની પોલીસે હવે આ

● અનુસંધાન પાન-૭ પર

# ૫૦૦ લોકોના પ્રવેશ પર રશિયાનો પ્રતિબંધ

મોસ્કો, તા.૨૦

રશિયાએ અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને કોમેડિયન સ્ટીફન કોલ્બર્ટ સહિત ૫૦૦ લોકોના તેના દેશમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે.

રશિયા તરફથી જારી કરવામાં આવેલા નિવેદનમાં આ માહિતી આપવામાં આવી છે. આ પહેલા અમેરિકાએ રશિયાના વિદેશમંત્રી સર્ગેઈ લાવરોવ સાથે સંયુક્ત રાષ્ટ્રમાં પ્રવાસ કરી રહેલા મીડિયાને વિઝા આપવાનો ઈનકાર કર્યો હતો. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જી૭ દેશોની બેઠક ચાલી રહી છે અને અમેરિકાએ આ દરમિયાન પણ રશિયા સામે કડક પ્રતિબંધો વધારવાની જાહેરાત કરી છે.

અમેરિકી પ્રતિબંધોના જવાબમાં રશિયાએ જાહેરાત કરી હતી કે તે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામા અને હાસ્ય કલાકાર સ્ટીફન કોલ્બર્ટ સહિત ૫૦૦ અમેરિકનોને દેશમાં પ્રવેશતા અટકાવી રહ્યું છે. વિદેશ મંત્રાલય

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્તાર અંસારીના નાના પુત્ર સામે બિન જામીનપાત્ર વોરંટ

નવી દિલ્હી, તા.૨૦

આચારસંહિતા ભંગના બે કેસમાં આરોપ ઘડવા માટે શુક્રવારે એમપી/એમએલએ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સુનાવણી દરમિયાન ગેરહાજર રહેવા બદલ કોર્ટે મુખ્તારના પુત્ર ઉમર અંસારી સામે બિન જામીનપાત્ર વોરંટ ઈશ્યુ કર્યું છે. બંને કેસમાં આગામી સુનાવણી ૨ જૂને થશે. સીજેએમ એમપી/એમએલએ કોર્ટ શ્વેતા ચૌધરીની કોર્ટમાં શુક્રવારે આચારસંહિતાના ઉલ્લંઘનના બે કેસમાં આરોપ ઘડવા માટે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આ કેસમાં આરોપી મુખ્તારના પુત્ર અબ્બાસ અંસારીને કાસગંજ જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ

● અનુસંધાન પાન-૭ પર

## દ્વિતિય વાર્ષિક પુષ્યતિથિએ ભાવભીની અંજલિ



### સ્વ. કેશરબા રામસિંહ રાણા

સ્વર્ગવાસ તા.૨૧/૫/૨૦૨૧ ધરમપુર, તા.જિ.ગાંધીનગર

આપની હયાતી અમારી પ્રેરણા હતી,
આપના આદર્શ અમારા માટે માર્ગદર્શન હતા,
આપનું સાદગીભર્યું જીવન, ઉચ્ચ વિચારો,
લાગણીશીલતા અમે જીવનભર ભુલી શકીશું નહીં.

લિ.

જીવણજી રામસિંહ રાણા
ડો.શંકરસિંહ રામસિંહ રાણા
નટવરસિંહ રામસિંહ રાણા
કનકસિંહ રામસિંહ રાણા
દશરથસિંહ રામસિંહ રાણા

તથા સમસ્ત રાણા પરિવાર




